ક્રમાંક : બેંકેબલ/માકયો/છ-/    /૨૦૨૪
કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોધોગ,
બ્લોક નં. ૭/૨ ઉદ્યોગ ભવન,
સેક્ટર-૧૧, ગાંધીનગર
તા.    /૦૭/૨૦૨૪.

વંચાણે લીધા:

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા. ૦૧/૦૭/૨૦૨૪નો ઠ.ક્ર. IMD/WRT/e-file/9/ 2023/3219/ KH.

પરિપત્ર:

વંચાણે લીધેલ ક્રમ (૧) ઉપરના સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવથી માનવ ગરિમા યોજનાને માનવ કલ્યાણ યોજનામાં મર્જ કરવા તેમજ યોજના હેઠળના વ્યવસાયો (ટ્રેડ)ની સંખ્યા અને વિતરણ પધ્ધતિમાં ફેરફાર કરવાનું ઠરાવવામાં આવ્યું છે. જે ઠરાવના અમલીકરણ અન્વયે લાભાર્થીને તાલીમ આપવા સંબંધિત કામગીરી માટે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર કચેરી દ્વારા અનુસરવાની નીચેની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

- ડ્રો માં પસંદ થયેલ લાભાર્થી જેમણે તાલીમનો વિકલ્પ પસંદ કરેલ હોય તેની વિગત જી.એમ.કે.આર.ટી.આઇ.એ ઇ- કુટીર પોર્ટલના પોતાના લોગિનમાંથી મેળવી લાભાર્થીઓને તાલીમ પૂરી પાડવાની રહેશે.
- જી.એમ.કે.આર.ટી.આઇ. કચેરી દ્વારા પ્રવર્તમાન નિયમો હેઠળ તાલીમ આપવાની રહેશે અને લાભાર્થીને હાજર રહેલ દિવસ માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ સ્ટાઇપેંડ ડી.બી.ટી. મારફતે આપવાનું રહેશે.
- જી.એમ.કે.આર.ટી.આઇ. એ ડ્રો માં પસંદ થયેલા લાભાર્થીઓને તાલીમ લેવા માટે જાણ કરવાની રહેશે પરંતુ જો કોઈ લાભાર્થી તાલીમ લેવા ના આવે ત્યારે ૧૫ દિવસના અંતરે લાભાર્થીને આ તાલીમ બાબતની જાણ કરવાની રહેશે અને કુલ ત્રણ વાર જાણ કર્યા બાદ પણ લાભાર્થી તાલીમ માટે ના આવે ત્યારે તેવા લાભાર્થીનું નામ તાલીમ યાદીમાંથી કમી કરી દેવાનું રહેશે.

આ બાબતે કોઇ પણ મૂશ્કેલી જણાય તો કમિશનર, કુટિર અને ગ્રામોધોગ કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

(પ્રવિણ કે સોલંકી)
કમિશનર
કુટીર અને ગ્રામોધોગ
ગુ.રા. ગાંધીનગર